**ફોજદારી કેસ નંબર : ૧૭૩/૨૦૦૩**

**–: આંક : ૧ લગત હુકમ : –**

કેસ પેપસ વંચાણે લીધા ,સદરહું કેસમાં આરોપી સામે IPC-323,498A,504,5062, DOWRY PROHIBITION ACT, 1961 – 003,005, મુજબના ગુન્હાનો આરોપ છે સદરહું કેસ ગણા સમય થી ડેડવુડ હાલતમાં પડેલ છે અને ડોરમેન્ટ ફાઈલ પર મુકવામાં આવેલ છે આ કામના આરોપી ને શોધવા માટે અત્રેની કોર્ટ તરફ થી જુદી જુદી તારીખોએ વારંવાર સમન્સ /વોરંટ કરવામાં આવેલ છે તેમજ જામીનદાર ને પણ વારંવાર સમન્સ વોરંટ કરવામાં આવેલ છે તેમ છતાં પ્રોસેકયુશન આરોપી ને શોધી લાવવામાં નીષ્ફળ ગયેલ છે અને આ કામના આરોપીને શોધવા માટે કરવામાં આવેલ પ્રયત્નો રેકર્ડ પર ઉપલબ્ધ છે આથી સ્પષ્ટ રીતે ફલીત થયેલ છે કે આરોપી ને શોધવામાં પ્રોસેકયુશન નીષ્ફળ ગયેલ છે તમામ આરોપીઓ ના જામીનદારોને વારંવાર સમન્સ /વોરંટ કરવામાં આવેલ છે જેમ છતાં પ્ર ોસેકયુશન આરોપી ને શોધી લાવવામા નિષ્ફળ ગયેલ છે. આમ પ્રોસેકયુશન જામીનદાર ને શોધવામાં પણ નીષ્ફળ ગયેલ છે અને તે સિવાય પણ વારંવાર નોટીસ સમન્સ કરવામાં આવેલ હોછા છતાં બજે તથા વગર બજે પરત આવેલ નથી આમ સદરહું કેસ બજવણી ના અભાવે અને પ્રોસેકયુશનની આરોપીને શોધી લાવવાની નીષ્ફળતાના કારણે છેલ્લા ઘણા વર્ષ થી ડેડવુડ પ્રકારનો કેસ બની ગયેલ છે. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલદરમીયાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી . નેશનલ લીગલ સવિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર : એફ .નંબર એલ / ૨૩/૨૦૧૪ નાલસા , તારીખ : – ૨૦/ઓગસ્ટ /૨૦૧૪ માં આપેલ ગાઈડલાઈન ધ્યાનમાં લેતાં તેમાં અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૩૨૧ અન્વયે નીકાલ કરવા સુચન અપાયેલ છે. તેને ધ્યાનમાં લેતાં અત્ર ેની કોટે તેવા ડેડવુડ કેસોને આઈડેન્ટીફાય કરેલ છે અને પ્રસ્તુત કેસ ઘણો જુનો છે.જેથી હવે ઈન્સાફી કાયવાહી આગળ વધારવી ઘણીજ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાયવાહી માં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોઈ આવા કેસોના ભરાવાનું ભારણ ઓછું થાય અને ઈફિકટિવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાયવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. , આ સંજોગોમાં ન્યાયના હીતમાં ક્રમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૨૧ અન્વયે આ ફોજદારી કેસની પરત ખેચવા **તા.૧૨/૦૫/૨૦૨૩ ના રોજ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી** (ફોજદારી શાખા) સુરત નાઓ તરફ થી નં **એમએજી/ડોરમેન્ટકેસ/વશી૯૩૦/૨૦૨૩** થી સુરત

જીલ્લા/શહેર ના તમામ મેજીસ્ટ્રેટ કોર્ટમાં પડતર રહેલા અને આઈડીન્ટીફાઈડ કરેલા **કુલ –૧૦૭** કેસો પરત ખેચવા ની કલેકટર સાહેબ શ્રી એ આસીસસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર શ્રી ઓને સુચના આપેલ છે જેમાં હાલના કેસનો સમાવેશ થાય છે આથી ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેચવો આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવેલ હોઈ અને કેસમાં પુરાવો નોધાયેલ ન હોઈ આરોપી ને બીનતોહમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે

મુદામાલ નો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવો

જો રોકડ મુદામાલ હોય તો તે શ્રી સરકાર જમા કરવો.

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી

હુકમ આજરોજ તા .૧૩/૦૫/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩

**(એ.એમ.વસાવા)**
૧૫માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરત
GJ01117
**(સ્પેશીયલ સીટીંગ)**